RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા સ્વ. વિજયભાઈ રૂપાણીની સ્મૃતિને કાયમ રાખવા "રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ" ને "વિજયભાઈ રૂપાણી" નામકરણ કરવા માનનીય વડાપ્રધાન, ગૃહ અને સહકારીતા મંત્રી તથા નાગરીક ઉડયનમંત્રી સમક્ષ રજુઆત કરવામાં આવી...

ગત તા.૧૨ જુન ૨૦૨૫ ના રોજ અમદાવાદ થી લંડન જઈ રહેલ વિમાન ક્રેશની દુ:ખદ દુર્ઘટના બની અને ગુજરાતની ધરતી પરની આ ગોઝારી ઘટનામાં ૨૬૦ થી વધુ લોકોના અકાળે અવશાન થયા જેનાથી સમગ્ર દેશ શોકમગ્ન થઈ ગયું. આ કરુણાંતીમાં વિમાનમાં લંડન જઈ રહેલા રાજયના પુર્વ મુખ્યમંત્રીશ્રી સ્વ. વિજયભાઈ રૂપાણીનું દુ:ખદ અવશાન થયુ અને જાહેર જીવનમાં એક મોટા ગજાના નેતાની અણધારી વિદાયથી ન પુરી શકાય તેવી ખોટ પડી છે. ખાસ કરીને રાજકોટ-સૌરાષ્ટ્ર આ ઘટનાથી ખુબ હતપ્રભ થઈ ગયું.

રાજકોટના પનોતા પુત્ર એવા સ્વ. વિજયભાઈ રૂપાણીએ વર્ષ ૧૯૮૭ થી કોર્પોરેટર થી લઈને સ્ટેન્ડિંગ કમિટિ ચેરમેન, મેયર, ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ અને ગુજરાત ટુરીઝના ચેરમેન તરીકે કાબિલેતારીફ કામગીરી કરેલ, રાજય સભાના સભ્ય બનેલ, ગુજરાત પ્રદેશ ભાજપના મહામંત્રી અને પ્રદેશ અધ્યક્ષ તરીકે આરૂઢ થઈ સહેલાઈથી "સૌના સાથ સૌના વિકાસ" સુત્રને ચરિત્ર કર્યું. ત્યારબાદ ૨૦૧૬ માં ગુજરાત રાજયના મુખ્યમંત્રીપદનો કાર્યભાર સંભાળી પોતાની કોઠાસુઝ અને કઠોર પરિશ્રમથી વિજયભાઈ રૂપાણી પોતાના સરળ અને સંવેદનશીલ સ્વભાવથી લોકોમાં અનેરી લોકચાહના હાંસલ કરી હતી.

તેઓશ્રીના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમ્યાન રાજકોટને નવું બસપોર્ટ, એઈમ્સ, અટલ સરોવર, ન્યુ રેસકોર્ષ, નવી જીઆઈડીસી, ઓવરબ્રીજો, જેવા અનેકવિધ વિકાસકર્યોની ભેટ અર્પણ કરી પોતાના માદરે વતન રાજકોટ પર અવિરત વહાલ વરસાવ્યું હતું. તેમજ "સૌની યોજના" દ્વારા સૌરાષ્ટ્રના ગામે ગામમાં પાણી પહોંચાડયું હતું અને સૌરાષ્ટ્રના તરસ્યા ડેમો નવપલ્લવિત થયા હતા અને ખેડુતો સમૃધ્ધ થયા અને સૌરાષ્ટ્રના સુકા પ્રદેશોમાં સૌની યોજનાના કારણે ચોતરફ હરિયાળી છવાઈ ગઈ હતી. સુજલામ-સુફલામ યોજના દ્વારા સૌરાષ્ટ્રભરના ગ્રામ-શહેરોને પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ કરાવી હતી. તેમજ લેન્ડગ્રેબીંગ કાયદો લાવીને રાજયમાં ભુમાફિયાઓમાં સોંપો પડાવી દીધો હતો. જનલક્ષી સુવિધાઓને વિકસાવવા માટે નગરપાલિકાઓમાં વિકાસના કામો માટે સ્માર્ટ ટાઉન મિશન દ્વારા ગુજરાત-સૌરાષ્ટ્રના નગરો-મહાનગરોના વિકાસને વેગવંતો બનાવી રાજયમાં પારદર્શી સુસાશન આપ્યું હતું. વધુમાં રાજકોટ-સૌરાષ્ટ્રના વેપાર-ઉધોગકારોના દરેક પ્રશ્નોને વાચા આપવામાં પણ તેઓશ્રીએ પુરતો સહયોગ આપ્યો હતો. આમ સ્વ. વિજયભાઈ રૂપાણીની સાદગી, સરળતા અને સંવેદનશીલતા હરહંમેશ પ્રેરણારૂપ બની રહેશે. સ્વ. વિજયભાઈ રૂપાણીનું જાહેર જીવન સેવા અને સંગાઠનાત્મક કાર્યને સમર્પિત હતું. ગુજરાતની જનતા માટે સતત ચિંતાશીલ રહેલા તેમનું જમીન સાથે જોડાયેલ વ્યકિતત્વ અને સૌમ્ય સ્વભાવે તેમને લોકોમાં ખુબ જ પ્રિય બનાવ્યા હતા.

ત્યારે રાજકોટ સાથે સ્વ. વિજયભાઈ રૂપાણીનો નાતો અતુટ રહયો છે. તેથી સ્વ. વિજયભાઈ રૂપાણીની સ્મૃતિ લોકમાનસ તરીકે કાયમ રહે તેવા શુભ આશયથી હિરાસર ખાતે "રાજકોટ ઈન્ટરનેશન એરપોર્ટ" ને "વિજયભાઈ રૂપાણી" નામકરણ કરી તેમના પુણ્યશાળી આત્મને આદરાંજલી આપવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજી, ગુહ અને સહકારીતામંત્રીશ્રી અમિતભાઈ શાહજી તથા નાગરીક ઉડયનમંત્રીશ્રી કે.રામમોહન નાયડુજી સમક્ષ રજુઆત કરવામાં આવેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.